આયુર્વેદિક દવાના ઓથા હેઠળ નશાકારક ગોળીઓની હેરાફેરી કરનારો પુણાગામનો ચંદુ લાઠિયા ઝડપાયો

પુણા ગામના ચંદુ કાનજી લાઠીયા કરિયાદ ૬.૬૫ લાખની નશાકારક ગોળીઓ કરિયાણાના સ્ટોર્સમાં પધરાવવા જતો હતો

સુરત, તા.૨૩

આયુર્વેદિકના ઓથા હેઠળ નશાકારક ગોળીની હેરાફેરી કરતા પુણાગામના યુવકને સુરત એસઓજીએ 6.65 લાખની નશાકારક ગોળીઓ સાથે ઝડપી પાડી સફળ કામગીરી કરી હતી. આ યુવક આ નશાકારક ગોળીઓ કરિયાણાની સ્ટોર ચલાવતા લોકોને વેચતો હતો. એસઓજી પોલીસે ક્યાં-ક્યા કરિયાણા સ્ટોરના માલિકોને વેચી હતી તે દિશામાં તપાસ શરૂ કરી હતી.

સુરત શહેર વિસ્તારમાં કેટલાક કરીયાણા સ્ટોર ઉપર આયુર્વેદના ઓથા હેઠળ નશાકારક ગોળીનુ વેચાણ કરી લોકાના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવે છે અને આવી નશાકારક ગોળીનો નશો ગુનેગારો ગુનો આચરતા પૂર્વે કરે છે. જેથી આવા સ્થળોને શોધી કાઢી તેમના વિરૂધ્ધ કાર્યવાહી કરવાની દિશામાં સુરત એસઓજી કામગીરી કરી રહી હતી. સુરત એસઓજીને સફળતા પણ મળી છે.

એએસઆઈ હિતેષસિંહ દિલીપસિંહને બાતમી મળી હતી કે ગોડાદરા મંગલ પાંડે હોલની બાજુમાં અંબિકા સ્વીટ દુકાનની સામે જાહેર રોડ ઉપરથી થ્રી વ્હીલર ટેમ્પામાં ચંદુ કાનજી લાઠીયા (રહે. ઘર નં ૭૯ સુંદરબાગ સોસાયટી પુણાગામ) નશાકારક ગોળીઓ લઈને પસાર થનાર છે તે બાતમીના આધારે એસઓજીની ટીમે ત્યાં વોચ ગોઠવી બાતમીવાળા શખ્સ ચંદુ કાનજીને ઝડપી પાડ્યો હતો. અને ટેમ્પામાંથી શંકાસ્પદ તરંગ નામની આયુર્વેદીક નશાકારક ગોળીઓ નંગ-૬૬,૫૬૦ જેની કિમત.૬,૬૫,૬૦૦ હોય કબજે કરી હતી. આરોપીની ધરપકડ કરી પોલીસ દ્વારા કરાયેલી પુછપરછમાં જણાવ્યું હતુ કે, આ ગોળીઓ આર્યવેદિક ઔષધીઓથી બનેલી હોય છે અને તેમા થોડો નશો થતો હોય છે. જેથી પૈસાની લાલચે આ ગોળીઓ કરીયાણા સ્ટોરના માલીકને વેચાણથી આપવા માટે જતો હોવાની હકીકત જણાવી હતી. પોલીસે આગળની તપાસ શરૂ કરી હતી.

ગુજરાતમાં 13,600થી વધુ બૂથ સંવેદનશીલ

અમદાવાદ, તા.૨૩

લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. જ્યારે દેશમાં કુલ સાત તબક્કામાં ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યુ છે.જેમાંથી પ્રથમ તબક્કાનું મતદાન થઈ ચૂક્યુ છે. ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન 7 મે ના રોજ થશે. જેના પગલે ગુજરાતમાં 50,787 બૂથ તૈયાર કરવામાં આવ્યા છે જે પૈકી 13,600થી વધુ સંવેદનશીલ બૂથ તૈયાર કરવામાં આવ્યા છે.

સંવેદનશીલ બૂથો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. 27 ટકા સંવેદનશીલ બૂથ પર 4 SRP જવાનો હાજર રહેશે. SRPની કુલ 112 પૈકી 10 કંપનીના સશસ્ત્ર જવાનોને મતદાન મથકની સુરક્ષાનો હવાલો આપવામાં આવ્યો છે. 2019ની લોકસભા ચૂંટણીની સરખામણીમાં 2024માં 450 ક્રિટિકલ મથકો ઘટ્યા છે.

સુપ્રિમ કોર્ટે પ્રદીપ શર્માની જામીન અરજી ઉપર ગુજરાત સરકારનો જવાબ માંગ્યો

પ્રદીપ શર્માએએ ગુજરાત હાઈકોર્ટના જામીન અરજી ફગાવી દેવાના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે

અમદાવાદ, તા.૨૩

સુપ્રીમ કોર્ટે સોમવારે કચ્છ જિલ્લાના કલેક્ટર તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન નાણાકીય લાભ માટે સરકારી જમીનની કથિત ગેરકાયદેસર ફાળવણીના કેસમાં નિવૃત્ત આઈએએસ અધિકારી પ્રદીપ શર્માની જામીન અરજી પર ગુજરાત સરકારનો જવાબ માંગ્યો હતો.

પ્રદીપ શર્મા પર કચ્છ જિલ્લાના કલેક્ટર તરીકેના કાર્યકાળ દરમિયાન ગેરકાયદેસર રીતે સરકારી જમીન ફાળવવાનો આરોપ છે. જસ્ટિસ અભય એસ ઓકા અને ઉજ્જવલ ભુઈયાની બેન્ચે ગુજરાત સરકારને નોટિસ પાઠવી ચાર અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. પ્રદીપ શર્મા વતી વરિષ્ઠ વકીલ દેવદત્ત કામતે દલીલો રજૂ કરી હતી. તેમણે કહ્યું કે હું રાજ્યના સામાન્ય માણસના દૃષ્ટિકોણથી આ મામલે રાહત માંગી રહ્યો છું. તેના પર કોર્ટે કહ્યું- ઠીક છે, અમે નોટિસ જાહેર કરી રહ્યા છીએ. પ્રદીપ શર્માએ 20 માર્ચના ગુજરાત હાઈકોર્ટના જામીન અરજી ફગાવી દેવાના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે.

ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

રજિ.ઓફિસ : ૧૧મા માળે, ટાવર - એ, પેનીસ્યુલા બિઝનેસ પાર્ક, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩. CIN No.U67190MH2008PLC187552

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

[સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ,૨૦૦૨ના રૂલ ૮ (૧) મુજબ]

આથી નીચે સહી કરનાર **ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિ.** ના અધિકૃત અધિકારીને સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ , ૨૦૦૨ (એક્ટ) સાથે વંચાણે લેતા સેકશન ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૩ અંતર્ગત પ્રાપ્ત અધિકારો મુજબ નીચે જણાવેલી તારીખે જારી કરાયેલી ખંડ ૧૩ (૧૨) હેઠળની વિગતવાર ડિમાન્ડ નોટીસ નીચે જણાવેલ દેવાદારોને મોકલવામાં આવી હતી જે મુજબ તેમણે નોટીસની તારીખથી ૬૦ દિવસમાં બાકી લેણી રકમ ચુકવી દેવાની હતી.

દેવાદાર એમ કરવામાં નિષ્ફળ નિવડયા હોઈ દેવાદારનો ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ નીચે જણાવેલી મિલકતોનો **વાસ્તવિક કબજો એડીશનલ ચીફ જયુડિશીયલ મેજિસ્ટ્રેટ, કઠોરના** નીચે સીસીમાં જણાવેલા આદેશ મુજબ નિમાયેલા કોર્ટ કમિશ્નર હસ્તક વાસ્તવિક કબજો લીધો છે.

ખાસ દેવાદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે સદર મિલકતો ઉપર **ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ**ના અધિકારો નીચે જણાવેલ બાકી લેણી રકમ તથા ત્યારબાદના ચડત વ્યાજ અને ખર્ચ તથા ચાર્જિસની રકમ નોટીસની તારીખથી ગણાશે. દેવાદારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે કથિત એક્ટના ખંડ ૧૩ના પેટા ખંડ (૮)ની જોગવાઈ મુજબ નિર્ધારીત સમયમાં પોતાની ગિરો મુકેલ મિલકત છોડાવી શકશે.

અ. નં.	લોન ખાતા નંબર	દેવાદાર(રો), કાનૂની વારસદાર(રો), કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસ મુજબની રકમ	ડીમાન્ડ નોટીસની તારીખ કબજાની તારીખ	ઓર્ડરની તારીખ ફાઈલીંગ તા. કેસ નં.
1	10664244 & 10676703	પોપટભાઈ શંભુભાઈ ડોબરીયા(દેવાદાર), ભાવનાબેન પોપટભાઈ ડોબરીયા અને બ્રિજેશ પોપટભાઈ ડોબરીયા (સહદેવાદારો)	Rs. 9,73,283/- & 1,31,394/-	09-12-2023 23-04-2024	02-04-2024 02-03-2024 CRMA J/457/2024

સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત/ગિરોમિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની સ્થાવર મિલકતએ-ટાઈપ,પ્લોટ નં.૫૩,(કેજેપી મુજબ નવો બ્લોક નં.૪૦/૫૩) ક્ષેત્રફળ ૫૨ ચો.વાર અથવા ૪૩.૫૨ ચો.મી.ની સાથે ૬.૨૬ ચો.મી. સીઓપીની અવિભાજિત જમીન અને ૧૧.૯૫ ચો.મી. ગોકુલમ રેસીડેન્સીનીઅવિભાજિત જમીનનો ભાગ તથા આંતરીક અને બાહય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુની બિનખેતી જમીન રે.સ.નં.૫૪,બ્લોક નં.૪૦,ક્ષેત્રફળ ૧૧૭૭૩ ચો.મી. મોજે ગામ વેલંજા,તા.કામરેજ,જિ.સુરત **ચતુઃસીમાઃ** પૂર્વેઃ લાગુ પ્લોટ નં.એ/૩૦ની મિલકત, પશ્ચિમેઃ લાગુ રોડ , ઉત્તરેઃ લાગુ પ્લોટ નં.એ/૫૪ની મિલકત, દક્ષિણેઃ લાગુ પ્લોટ નં.એ/૫૨ની મિલકત

અ. નં.	લોન ખાતા નંબર	દેવાદાર(રો), કાનૂની વારસદાર(રો), કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસ મુજબની રકમ	ડીમાન્ડ નોટીસની તારીખ કબજાની તારીખ	ઓર્ડરની તારીખ ફાઈલીંગ તા. કેસ નં.
2	TCHHL02 16000100 072319	જયસુખ દિનેશ હરખાણી (દેવાદાર), કેવલ દિનેશ હરખાણી અને ગીતાબેન દિનેશ હરખાણી (સહદેવાદારો)	Rs. 27,13,212/-	09-12-2023 23-04-2024	02-04-2024 02-03-2024 CRMA J/456/2024

સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત/ગિરોમિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની સ્થાવર મિલકતફ્લેટ નં.૫૦૪પક્ષેત્રફળ ૬૧.૮૦ ચો.મી.(મંજુર પ્લાન મુજબ)૬૩.૬૪ ચો.મી.(રેરા કથિત એક્ટ મુજબ) કાર્પેટ એરિયા ચોથે માળે બિલ્ડીંગ નં.-એ૧ સ્ટાર પવિત્ર નગરી બિનખેતી જમીન બ્લોક નં.૨૯૧૫,જુનો બ્લોક નં.૧૭૦/પૈકી ૧,ટીપી સ્કીમ નં.૪૮(ખોલવડ),ફા.પ્લોટ નં.૮૬ ક્ષેત્રફળ ૭૧૧૬ ચો.મી. ગામ ખોલવડ,પેટા જિ.કામરેજ,જિ.સુરત **ચતુઃસીમાઃ** ઉત્તરેઃ૨૪ મી.નો ડીપી રોડ, દક્ષિણેઃ ૧૮ મી.ાે ટીપી રોડ, પૂર્વેઃઆર-૯ સબ સેન્ટર,પશ્ચિમેઃ ફા.પ્લોટ નં.૮૭

તારીખ :૨૪-૦૪-૨૦૨૪ **સહી/-અધિકૃતઅધિકારી**
સ્થળ : સુરત **વતિ,ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ**

રીલાયન્સ એસેટસ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ

RELIANCE Asset Reconstruction

કોર્પોરેટ ઓફિસ : ૧૧મા માળે, નોર્થ સાઈડ, આર-ટેક પાર્ક, વેસ્ટર્ન એક્ષ્પ્રેસ હાઈ વે, ગોરેગાંવ (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૬૩

ગીરો મિલકતના ઈ-ઓકશન વેચાણ માટેની જાહેર નોટીસ

રીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિ.(આરએઆરસી) જે **રીલાયન્સ એઆરસી ૦૧૩ ટ્રસ્ટ**ના ટ્રસ્ટી છે જેમણે નીચે જણાવેલા દેવાદારોના સલામત ધિરાણકાર અને મૂળ એસાઈની સાથેના **તા.૨૭ નવેમ્બર ૨૦૧૫**ના રોજ થયેલા કરૂર વૈશ્ય બેંક સાથેના એસાઈન્મેન્ટ એગ્રીમેન્ટને કારણે બન્યા છે.

નીચે સહી કરનારે સિક્યુરાઈઝેશનએન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અને સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ હેઠળ પ્રાપ્તઅધિકારોનો ઉપયોગ કરીને આથી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદારોને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલી ગીરો મિલકતનુ બાકી લેણી રકમની વસુલાત માટે આરએઆરસીની શરતો મુજબ ઓન લાઈન ઈ-ઓકશનથી વેચાણ થશે. વેચાણ **'જેમ છે જયાં છે' 'જે છે તે છે' અને 'કોઈ વિકલ્પ નથી'** ના ધોરણે થશે શરતો નીચે મુજબ છે :

દેવાદારો/જામીનદારોના નામ	બાકી રકમ	કબજાની તારીખ
૧. મે. અંજની ટેક્ષ્ટાઈલ્સ (દેવાદાર) ૫૯૩, સિલ્ક સીટી માર્કેટ, રીંગ રોડ, સુરત, ગુજરાત-૩૯૫૦૦૨ **૨. શ્રી મનિષકુમાર વેલજીભાઈ પટેલ (માલિક/ ગીરોદાર) ૩. શ્રી સુરેશ વેલજીભાઈ પટેલ (જામીનદાર) અ.નં. ૨ અને ૩નુ સરનામુ :** બી-૩૦૧, પૂણા પ્લાઝા એપાર્ટમેન્ટ, નાણાવટી હુંડાઈ શો રૂમ નજીક, પૂણા ગામ, સુરત, ૩૯૫૦૧૦	Rs.1,05,59,837.60 /- (રૂપિયા એક કરોડ પાંચ લાખ ઓગણસાંઇઠ હજાર આઠસો સાડત્રીસ અને સાંઇઠ પૈસા પુરા)	10-03-2024

સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત	ઈએમડીની રકમ
તમામ ખંડ અને અખંડિત ભાગની સ્થાવર મિલકત ફ્લેટ નં.બી/૩૦૧, પૂણા પ્લાઝા એપાર્ટમેન્ટ, ક્ષેત્રફળ ૭૨૫ ચો.ફૂટ બાંધકામ, રે.સ.નં. ૮૮, હિસ્સા નં.૧ અને ૨, બ્લોક નં.૬૨ ગામ મગોબ, જિ.સુરત નાણાવટી મોટર્સ નજીક, પૂણા પાટીયા, પૂણા ગામ સુરત **શ્રી મનિષકુમાર વેલજીભાઈ પટેલના નામે.**	Rs.16,00,000/ (રૂપિયા સોળ લાખ પુરા)	Rs,1,60,000/- (રૂપિયા એક લાખ સાંઇઠ હજાર પુરા)

ઓકશનની વિગતો :
મિલકતનું નિરીક્ષણ : ૧૭.૦૫.૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૨.૦૦
બીડ રજુ કરવાની છેલ્લી તારીખ : ૨૮.૦૫.૨૦૨૪
ઈ-ઓકશનનીતારીખ : ૨૯.૦૫.૨૦૨૪ બપોરે ૦૨.૦૦ થી ૩.૦૦ દરમિયાન (દરેકને પાંચ મિનીટના વધારા સાથે)

વેચાણના નિયમો અને શરતો

૧. મિલકતનું વેચાણ અનામત કિંમતથી ઓછી કિંમતે કરવામાં નહીં આવે અને વેચાણ સલામત ધિરાણ આપનારાઓ મે.રીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ (આરએઆરસી)ના સમર્થનને આધિન રહેશે. મિલકતોનું વેચાણ ' જે છે જયાં છે' 'જેમ છે જે છે' અને 'કોઈ વિકલ્પ નથી' ના ધોરણે જ થશે.

૨. ઈ-ઓકશનનુ સંચાલન આરએઆરસી નામાન્ય સર્વિસ પ્રોવાઈડર મે. એઆરસીએ ઈમાર્ટ પ્રા.લિ.ની વેબ સાઈટ HTTPS://WWW.AUCTIONBAZAAR.COM એઆરસીએ ઈમાર્ટ પ્રા.લિ.ના વેબ પોર્ટલ) દ્વારા થશે. ઈ-ઓકશન ટેન્ડર ડોકયુમેન્ટસમાં ઓનલાઈન ઈ-ઓકશન બીડ ફોર્મ અને ઈ-ઓકશનના નિયમો અને શરતો સાથે વેબસાઈટ પર ઉપલબ્ધ છે : WWW.RARCL.COM અને HTTPS://WWW.AUCTIONBAZAAR.COM

૩. ઈ- ઓકશનમાં ભાગ લેતા પહેલા સંભવિત બીડરોએ ઈ ઓકશન એજન્સી પાસેથી સ્વીકૃત ઈ મેલ આઈડી સાથે રજિસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે.

૪. બીડરે ઈન્ડિયન બેંકરપ્સી કોડ, ૨૦૧૬ના ખંડ ૨૯એ હેઠળ ફરજિયાત બાયંધરી આપવાની રહેશે.

૫. સંભવિત બીડરે નિર્ધારીત ફોર્મમાં પોતાની બીડ રજુ કરવાની રહેશે.જેની સાથે ઈએમડી ભર્યાનો પુરાવો સ્વ પ્રમાણીત કેવાયસી દસ્તાવેજો (પાન, આધાર કાર્ડ વગેરે) મે.રીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ (આરએઆરસી)ના અધિકૃત અધિકારીને ૧૧મા માળે, નોર્થ વિંગ, આર-ટેક પાર્ક, વેસ્ટર્ન એક્ષપ્રેસ હાઈ વે, ગોરેગાંવ (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૬૩ મોકલવાના રહેશે અથવા ઈ મેલ દ્વારા AKSHAY.A.JADHAV@RELIANCEADA.COM અને VINOD.PAWASKAR@RELIANCEADA.COM સંપર્ક કરવાથી પાસવર્ડ આઈડી મળશે જેનાથી ઓકશનમાં ભાગ લઈ શકાશે.બીડ રજુ કરવાની છેલ્લી **તારીખ ૨૮.૦૫.૨૦૨૪** છે. કોઈ પણ કારણસર મુદત વિત્યા બાદ મળેલા બીડ કે ઈએમડી કોઈ પણ સંજોગોમાં માન્ય નહીં ગણાય. ઈએમડી વિનાના કે અનામત કિંમતથી ઓછી રકમની બીડ રદ ગણાશે.

૬. આરએઆરસી કે સર્વિસ પ્રોવાઈડર બીડર તરફથી નેટવર્ક સમસ્યા કે ક્ષતિઓ માટે જવાબદાર નથી.આવા સંજોગોમાં બીડરોએ પાવર બેકઅપ અને જરૂરી વ્યવસ્થા આગોતરી કરી રાખવી સલાહભર્યું રહેશે.

૭. ઈએમડી આરટીજીએસ/એનઈએફટી ફંડ ટ્રાન્સફર કરન્ટ એકાઉન્ટ નં. ૬૫૦૮૭૧૩૧૦૫ બેંકનું નામઃ કરૂર વૈસ્ય બેંક, બ્રાન્ચઃ મુંબઈ ફોર્ટ લાભાર્થીનું નામ રીલાયન્સ એઆરસી ૦૧૩ ટ્રસ્ટ, આઈએફએસસી કોડ KVBL0002101 ખાસ નોંધ લેશો કે ચેક/ડીમાન્ડ ડ્રાફ્ટ ઈએમડી તરીકે સ્વીકારવામાં આવશે નહીં.

૮. બીડ અનામત કિંમત કરતા ઓછી અને ઈએમડી વિના સ્વીકારવામાં આવશે નહીં. બીડર તેની બોલીમાં વધારો પ્રતિ લોટ દીઠ **રૂ.૨૫,૦૦૦/- (રૂપિયા પચ્ચીસ હજાર પુરા)**ના ગુણાંકમાં કરી શકશે. જો એક જ બીડર હશે તો તેણે ફરજિયાત એક વાર બોલી વધારો કરવો પડશે.

૯. સફળ થનાર બીડરે રજુ કરેલી કિંમતના ૨૫ ટકા રકમ જેમાં ઈએમડીનો સમાવેશ થાય છે તેની સાથે તે જ દિવસે જમા કરાવવાના રહેશે.બાકીની ૭૫ ટકા રકમ તેમણે વેચાણને સમર્થન મળ્યાના ૧૫ દિવસમાં અથવા તો લેખીત લંબાવી આપેલી મુદત સુધીમાં ચુકવવાના રહેશે. મુદત લંબાવી આપવાનો અધિકાર કંપનીનો રહેશે.

૧૦. સફળ બીડર બાકીની રકમ નિર્ધારીત સમયમાં ચુકવવામાં નિષ્ફળ જશે તો ઈએમડી સહિતની રકમ જપ્ત કોઈ પણ નોટીસ આપ્યા વિનાકરવામાં આવશે. જો કે અધિકૃત અધિકારી ચાહે તો તેમને બાકીની ૭૫ ટકા રકમ માટે વધારાનો સમય આપી શકે છે.

૧૧. નિષ્ફળ બીડરને ઈએમડીની રકમ ઈ-ઓકશન પુરૂં થયા બાદ પાછી આપવામાં આવશે. જેના પર વ્યાજ આપવામાં નહીં આવે.

૧૨. અધિકૃત અધિકારીની ઉત્તમ જાણકારી મુજબ મિલકત પર કોઈ બોજો નથી. છતાં કોઈ ભુલચુક અથવા ગેરસમજણ માટે જવાબદાર રહેશે નહીં.

૧૩. માર્ચ ૨૦૨૪ સુધીના સોસાયટીના બાકી અંદાજે રૂ.૯૧,૩૦૦/- છે જે ખરીદનારે ત્યારબાદના બાકી/વ્યાજ/ચાર્જિસ વિ. સાથે ભરવાના રહેશે.

૧૪. નીચે સહી કરનાર અધિકૃત અધિકારી કોઈ પણ બીડ સ્વીકારવી કે નહીં સ્વીકારવી, હરાજી મુલતવી રાખવી રદ કરવી કે હરાજીના નિયમો અને શરતોમાં સુધારા કરવા ના સંપૂર્ણ અધિકાર ધરાવે છે. આ માટે તે અગાઉથી કોઈ કારણ આપવા બંધાયેલ નથી.

૧૫. બીડર્સે હરાજીમાં ભાગ લેતા પહેલા મિલકત પર કોઈ બોજો કોઈ દબાણ બાકી કરવેરા વગેરે સંબંધી તપાસ કરી લેવી. ત્યારબાદ જ બીડ રજુ કરવી. ત્યારબાદના મિલકત અંગેના કોઈ પણ વાંધા કે દાવાઓ ધ્યાને નહીં લેવાય

૧૬. વેચાણ માટે મુકાયેલી મિલકત પર કરવેરા, વેટ, ટીડીએસ વગેરે વૈધાનિક કે સામાન્ય કરવેરાઓ જેમાં સ્ટેમ્પ ફી અને રજિસ્ટ્રેશન ફીનો પણ સમાવેશ થાય છે તેની ચુકવણી કરવાની જવાબદારી ખરીદનારની રહેશે.

૧૭. અન્ય માહિતી માટે અધિકૃત અધિકારી રીસોલ્યુશન **શ્રી અક્ષય જાધવનો ૯૧૩૬૯૫૭૬૭૭ અને લીગલ હેડ શ્રી વિનોદ પાવસકરનો ૮૦૮૦૭૨૨૮૩૬** ઉપર સંપર્ક સાધવો.

૧૮. સફળ બીડરને સલામત ધિરાણકાર તરફથી વેચાણને માન્યતા મળ્યા બાદ સેલ સર્ટીફિકેટ પુરી રકમની ચુકવણી બાદ જ મળી શકશે જે સફળ બીડરના નામે જ હશે. જેમાં કોઈ સુધારાની વિનંતી ધ્યાને લેવાશે નહીં.

આ નોટીસ દેવાદાર/જામીનદાર/ગીરોદાર માટેની સરફાયેસી એક્ટ અને લાગુ પડતા રૂલ્સ મુજબની ૩૦ દિવસની વૈધાનિક નોટીસ ગણાશે.

સ્થળ : સુરત **અધિકૃત અધિકારી**
તા.૨૪.૦૪.૨૦૨૪ **રીલાયન્સ એસેટ રીકન્સ્ટ્રકશન કં.લિ.**

નાના વરાછાની મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળામાં ધો.૮ના વિદ્યાર્થીઓનો દીક્ષાંત સમારોહ યોજાયો

તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું, વિદ્યાર્થીઓએ રકમ એકત્ર કરી ચાર મોટા સ્પીકર શાળાને અર્પણ કર્યા

સુરત, તા.૨૩

સુરતની ન.પ્રા.શિ.સ. સંચાલિત મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા ક્ર. 272- નાના વરાછામાં ધોરણ - 8ના વિદ્યાર્થીઓના દીક્ષાંત સમારોહ અને ઈનામ વિતરણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને ઉચ્ચ અભ્યાસ માટે જનાર વિદ્યાર્થીઓને અંતિમ શીખ આપવાનો અવસર એટલે દીક્ષાંત સમારોહ. આ કાર્યક્રમનો શુભારંભ શાળાના શિક્ષિકા રેખા વસોયાએ હનુમાન ચાલીસા અને પ્રાર્થના દ્વારા કરાવ્યો હતો. હર્ષાબહેન પોપટે ઉપસ્થિત મહેમાન બાબુ વિરડિયા, રમેશ વાઘાણી, સૌ વાલીઓનું શબ્દપુષ્પથી સ્વાગત કર્યું તેમજ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. શાળાના આચાર્ય મિતેશભાઈ અને હસમુખભાઈએ મહેમાનોનું પુસ્તક દ્વારા સ્વાગત કર્યું હતું.

વર્ષ દરમિયાન જુદી-જુદી પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લઈને પોતાનું કૌશલ્ય વધારવાની સાથે શાળાપરિવારનું ગૌરવ વધારનાર અને શાળાની જુદી-જુદી વ્યવસ્થા સંભાળનાર વિદ્યાર્થીઓનું માનવંતા મહેમાનો અને આચાર્ય તેમજ શિક્ષકોના વરદ હસ્તે સ્મૃતિભેટ/ ટ્રોફી આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આજે 23મી એપ્રિલ - વિશ્વ પુસ્તક દિવસ હોવાથી શાળાના શિક્ષક રાજેશકુમાર ધામેલિયા દ્વારા તમામ વિદ્યાર્થીઓને 'સફળ જીવનની દિશાધારા' પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.

બાબુભાઈ વિરડિયા, આચાર્ય મિતેશ પ્રજાપતિ, સંગીતાબહેન પટેલ, રાજેશકુમાર ધામેલિયા, કિરીટ ગુજરાતી, વિજયાબહેન નકુમ વગેરેએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. તમામ વક્તાઓનાં વક્તવ્યનો સાર એ હતો કે, "જીવનમાં સફળ થવા માટે પ્રામાણિક પુરુષાર્થની જરૂર છે. સફળતા-નિષ્ફળતા, સુખ-દુઃખ, લાભ-હાનિ વગેરે જીવનનાં અભિન્ન અંગો છે. ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિ આવે તો પણ નાસીપાસ થવાની જરૂર નથી, તેનો હિંમતપૂર્વક સામનો કરવાથી મુશ્કેલી પર વિજય મેળવી શકાય છે. ઉચ્ચ અભ્યાસ માટે જે શાળાઓમાં જાઓ ત્યાં એકાગ્રતા અને ખંતપૂર્વક મહેનત કરશો તો ધારી સફળતા પ્રાપ્ત કરી શકશો."

ગણદેવી નગરપાલિકા ટાઉન પ્લાનિંગ ચેરમેનનાં ઘરે આગ

ગણદેવી, તા.૨૩

ગણદેવી નગરપાલિકા ટાઉન પ્લાનનિંગ ચેરમેન ઈદરીશ તાઈ નાં કમાલ ફળીયા સ્થિત મકાન માં મંગળવાર સવારે સંભવતઃ શોર્ટ સર્કીટ ને કારણે આગ ભભૂકી ઉઠી હતી. જેની ચપેટ માં આવતા એસી, કબાટ, બેડ પલંગ, વાયરીંગ, છત ને રૂ.૧.૫૦ લાખ જેટલું નુકશાન થયું હતું. ગણદેવી પાલિકા પ્રમુખ ભાવેશ પટેલ, માજી પ્રમુખ પ્રાણલાલ પટેલ, રાજુ વકીલ સહિત અનેક અગ્રણી ઘટનાસ્થળે ધસી ગયા હતા. દરમિયાન ગણદેવી નગરપાલિકા ફાયર વિભાગ ના પીનલ પટેલ, જતીન પટેલ, યોગેશ હળપતિ, ભગુભાઈ હળપતિ એ એક કલાક ની જહેમત બાદ આગ કાબુ માં લીધી હતી. જેને પગલે ભરચક રહેણાંક વિસ્તારમાં લોકો એ હાશકારો અનુભવ્યો હતો.

પાસપોર્ટ ખોવાયો છે

હું **અંકિત ડાહ્યાભાઈ કારિયા** આથી જણાવું છું કે, મારા ઓળખનાં અસલ પુરાવા તેમજ ભારતીય પાસપોર્ટ નં. **વી ૪૫૩૩૫૫૮** જે ઉધના વિસ્તારમાંથી પાર્લેપોઈન્ટ આવતો હતો તે દરમિયાન ઉધના ત્રણ રસ્તાની આજુબાજુમાં મારો પાસપોર્ટ ગુમ થઈ ગયો છે. જે શોધી આપનારને યોગ્ય બદલો આપશું.

લિ.
અંકિત ડાહ્યાભાઈ કારિયા
મો.નં.૯૮૨૪૫ ૧૯૨૦૬

આહાર સંજ્ઞાને તોડવા અને આત્મ શુદ્ધિના લક્ષથી કરેલ તપ વિશિષ્ટ ફળ આપે છે:રાજરક્ષિતવિજયજી

કોલ્હાપુરના સંભવનાથ જિનાલયમાં રાજરક્ષિતવિજયજી આદી ઠાણાની નિશ્રામાં શત્રુંજય પટ દર્શન કરવામાં આવ્યું

સુરત, તા.૨૩

કોલ્હાપુરના સંભવનાથ જિનાલય ગુજરી જૈનસંઘમાં પંન્યાસ રાજરક્ષિતવિજયજી આદિ સાધુ - સાધ્વીજી ભગવન્તની પાવન નિશ્રામાં ચૈત્ર સુદ પૂનમ નિમિત્તે શત્રુંજય પટ દર્શન કરવામાં આવ્યું હતું. લાભાર્થી પરિવારે અષ્ટપ્રકારી પૂજા કરીને આરતી અને મંગલ દીવો કર્યો હતો. આરાધકોએ ૨૧ ખમાસમણ આપીને ગિરિરાજના પટને અક્ષતથી વધાવ્યો હતો.

રાજરક્ષિતજીએ જણાવ્યું કે, પગ ચાલે તે પદયાત્રા, મન ભળે તે માનસયાત્રા, આત્માના ભાવો ઉછળે તે ભાવયાત્રા કહેવાય. શ્રી આદિનાથ પ્રભુના પ્રથમ ગણધર શ્રી પુંડરીક સ્વામીજી શત્રુંજય તીર્થનું આલંબન લઈને પાંચ કરોડ મુનિઓ સાથે ચૈત્રી પૂનમે મોક્ષે ગયા હતાં. માટે આ દિવસનો મહિમા ખૂબ જ છે. શત્રુંજય તીર્થ નહિ જઈ શકનાર સેંકડો આરાધકો શત્રુંજય પટ પાસે ભાવયાત્રા કરીને પુંડરીક સ્વામીને ભાવભરી વંદના કરે છે. તીર્થંકર કરતાં પણ આ તીર્થનો મહિમા ઘણો છે. તીર્થંકર પાસે અભવિ આત્મા જઈ શકે પરંતુ શત્રુંજય તીર્થ પાસે જનાર તો ભવિ જ હોય એટલે કે સખત પુરુષાર્થ કરે તો અવશ્ય પરમાત્મા બની શકે. કર્મને તપાવવા માટે જૈન જગતમાં તપનો મહિમા ઘણો છે. દૂધને ગરમ કરવા તપેલી ગરમ કરવી પડે. તેમ કર્મ મલરહિત (શુદ્ધ) કરવા તપથી શરીરને તપાવવું પડે. આહાર સંજ્ઞાને તોડવા અને આત્મ શુદ્ધિના લક્ષથી કરેલ તપ વિશિષ્ટ ફળ આપે છે. ઊંમર વધતાં પાંચ ઈન્દ્રિયો શિથિલ થાય છે.

ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમીટેડ

Chola
Enter a better life

કોર્પોરેટ ઓફિસ : સીપઝ અને ૫૫, થીરૂ વી કા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગુંડી, ચેન્નાઈ-૬૦૦૦૩૨
શાખા ઓફિસ : ૮૦૯-૮૧૨, ૮મો માળ, વેલોસીટી ટીજીબી રોડ, વુડ સ્કવેર સામે, એલપી સવાણી મેઈન રોડ, બાલેશ્વર પાર્ક પાસે, અડાજણ, સુરત-૩૯૫૦૦૯ **સંપર્ક નં.: નિતીન પંચાલ : ૯૮૨૫૪૩૮૮૯૭/તેજસ મહેતા : ૯૮૨૫૩૫૬૦૪૭ / આમોદ ચરણ-૯૩૧૩૧૧૮૯૩૦**

સ્થાવર મિલકતના વેચાણ માટે વેચાણ નોટીસ

સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ અને ૯ ની જોગવાઈ સાથે વંચાતા સિક્યોરીટાઈઝેશ એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ કાયદા, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટીસ.

આથી ખાસ કરીને દેવાદાર/સહ-દેવાદાર/ગીરવેદાર(રો) અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલી સ્થાવર મિલકતો જે સિક્યોર્ડ ક્રેડિટરને ગીરો કરાયેલ છે, તેનો **સાંકેતિક કબજો** ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ જે અહીં હવે ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ તરીકે સંદર્ભીત છે તેના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે. સુરક્ષિત મિલકતો **જયાં છે ત્યાં, જે છે તે અને જેમ છે તેમના ધોરણે** ઇ-હરાજી મારફતે વેચવામાં આવશે.

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે અમે જાહેર ઇ-હરાજી વેબસાઈટ **https://www.auctionfocus.in/chola-lap.** મારફતે કરી રહ્યા છીએ.

ખાતા નં. અને દેવાદાર સહ-દેવાદાર,ગીરવેદારના નામ	૧૩ (૨) પ્રમાણે માંગણા નોટીસની તારીખ અને રકમ	મિલકતની વિગત	રીઝર્વ કિંમત અને ઈએમડી અને બીડ વૃદ્ધિની રકમ (રૂા.માં)	હરાજીની તારીખ અને સમય, ઈએમડી જમા કરાવવાની છેલ્લી તારીખ નિરીક્ષણની તારીખ
લોન ખાતા નં. HE01RHE00000022833 **૧. સ્વ.મનમિંદરસિંહ અમરજીતસિંહ ચાને ના તમામ કાનૂની વારસદાર, ૨. સ્વ.મનમિંદર સહ અમરજીતસિંહ ચાને(અરજદાર)ના કાનૂની વારસદાર, હરજીતકૌર મનમિંદરસિંહ ચાને ૩. સ્વ.મનમિંદરસિંહ અમરજીતસિંહ ચાને (સહ-અરજદાર) ના કાનૂની વારસદાર હરજીતકૌર મનમિંદરસિંહ ચાને ૪. સ્વ.મનમિંદરસિંહ અમરજીતસિંહ ચાને (સહ-અરજદાર)ના કાનૂની વારસદાર સરેન્દરકૌર અમરજીતસિંહ ચાને ૫. સ્વ.મનમિંદર સિંહ અમરજીતસિંહ ચાને (સહ-અરજદાર)ના કાનૂની વારસદાર અમરજીત સિંહ ચનનસિંહ ચાને, બી-૪, ચોથો માળ, રતન શિખર એપાર્ટમેન્ટ ઉમરા સુરત, બીગ બજાર પાછળ વેસુ, ઉમરા ૩૯૫૦૦૭.**	**22/12/2023 અને રૂા.50,46,961/- (તા. 18.12.2023 મુજબ)** **રૂા. 52,47,147/- (તા.22/04/2024 મુજબ) બાકી લહેણા**	સ્થાવર મિલકતના તમામ પીસ ધારક ફ્લેટ નં. બી/૪, આશરે ૧૭૫૦.૦૦ ચો.ફુટ, એટલે ૧૬૨.૬૪ ચો.મી., આશરે ૧૦૩.૯૫ ચો.મી. બિલ્ટ અપ એરિયા ૫૭.૬૦ સાથે, તમામ હક્ક સાથે જમીનમાં અવિભાજ્ય પ્રમાણસર હિસ્સો, ૪થો માળ, રત્નશીખર એપાર્ટમેન્ટ, માન્ય પ્લાન પ્લોટ નં.૧ મુજબ તે પર બાંધકામ આશરે ૨૦૭.૦૬ ચો.મી. પ્લોટ નં. ૨, આશરે ૧૭૯.૩૬ ચો.મી. પ્લોટ નં.૩, આશરે ૧૮૯.૫૮ ચો.મી. કુલ આશરે ૫૭૬.૦૦ ચો.મી. આવેલ છે જમીન ધારક આર.એસ. નં.૩૩, રી-સર્વે નં. ૨૩/૪, ટી.પી.સ્કીમ નં.૧, ફાઈનલ પ્લોટ નં. ૬૪, મોજે ગામ વેસુ, સબ ડીસ્ટ્રીક્ટ- સીટી, જિલ્લો સુરત માલિક અમરજીતસિંહ ચનનસિંહ ચતુર્સિમા- **પૂર્વ-** બાજુની મિલકત, **પશ્ચિમ-** બાજુમાં ૪૦ ફુટ રોડ, **ઉત્તર-** બાજુમાં ૩૦ ફુટ રોડ, **દક્ષિણ-** બાજુની મિલકત	**Rs. 70,00,000/-** **Rs. 7,00,000/-** **Rs. 50,000/-**	**બધી મિલકતો માટે ૧૫-૦૫-૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી (૫ મિનિટના અમર્યાદિત વધારા સાથે)** **૧૪-૦૫-૨૦૨૪ (સાંજે ૫.૩૦ સુધી)**

૧. તમામ સહભાગીઓ/બીડર્સને વેબસાઈટ **https://www.auctionfocus.in/chola-lap** અને **https://cholamandalam.com/news/ auction-notices.** ની મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે.પ્રસ્તાવિત બીડરો ઇ-હરાજીની વિગતો, મદદ, પ્રક્રિયા અને ઓનલાઈન તાલીમ માટે મે. ઓકશન ફોકસ પ્રાઈવેટ લિમિટેડ નો સંપર્ક કરી શકે છે. **સંપર્ક પ્રાચી ત્રિવેદી સંપર્ક નંબરઃ ૯૦૧૬૬૪૧૮૪૮. ઇમેઈલ આઈડીઃ supporrt@auctionfocus.in**

૨. ઇ-હરાજીમાં ભાગ લેવા માટે નિયમો અને શરતોની વધુ વિગતો માટે કૃપા કરી **https://www.auctionfocus.in/chola-lap** અને **https://cholamandalam.com/news/ auction-notices.** ની મુલાકાત લેશો.

આ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮ અને ૯ હેઠળની ૧૫ દિવસીય વૈધાનિક વેચાણ નોટીસ પણ છે.

તારીખ : ૨૪.૦૪.૨૦૨૪, સ્થળ : સુરત (નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.) **સહી/- અધિકૃત અધિકારી, ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ ફાયનાન્સ કંપની લિમિટેડ**

નીડો હોમ ફાઈનાન્સ લિમીટેડ

nido HOME FINANCE

(અગાઉ એડેલવેઈઝ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી) ,રજિસ્ટર્ડ ઓફિસ :,પાંચમા માળે,ટાવર ૩ ,વિંગ-બી,કોહિનૂર સીટી મોલ,કોહિનૂર સીટી,કિરોલી રોડ,કુર્લા (પશ્ચિમ),મુંબઈ - ૪૦૦૦૭૦ બ્રાંચઓફિસ : ઓફિસ નં.૩૦૧,૩૦૨,૩૦૩,૩૦૪ ત્રીજા માળે,થર્ડ આય વિઝનબિલ્ડીંગ,આઈઆઈએમ -પાંજરાપોળ રોડ અમદાવાદ-૩૮૦૦૧૫

ઈ-ઓકશન - વેચાણ માટેની ૧૫ દિવસની વૈધાનિક નોટીસ

સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ,૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ ઈ-ઓકશનથી વેચાણ માટે આથી જાહેર જનતાને અને ખાસ દેવાદાર અને જામીનદારને નોટીસ આપવામાં આવે છે કે તેમની નીચે જણાવેલી ગીરો મિલકતો ' જયાં છે જેમ છે' અને ' જે છે તે છે'ના ધોરણે ઈ-ઓકશનથી વેચાણ માટે મુકવામાં આવનાર છે જે મે.નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ(અગાઉએડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી) માં દેવાદાર(રો),સહદેવાદાર(રો) અને જામીનદારો દ્વારા ગીરો મુકી લોન લીધી હતી તેની વસુલાત માટે સલામત ધિરાણકર્તાઓ પાસે વાસ્તવિક કબજા સાથેની નીચે જણાવેલી મિલકતોનું વેચાણ કરવામાં આવનાર છે.

અ.નં.	દેવાદાર(રો), સહદેવાદાર(રો), જામીનદાર(રો) ના નામ	લેણી રકમ	અનામત કિંમત અને ઈએમડી	ઓકશનની તારીખ અને સમય	મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય	વાસ્તવિક કબજાની તારીખ
2	**હરી પ્રકાશ (દેવાદાર)અને કિશ્મતા હરી પ્રકાશ (સહ દેવાદા)**	લોન ખાતા નં. **LSURSTH0000092608** ના બાકી **રૂ.૪,૧૮,૪૫૯.૯૬/-** (રૂપિયા ચાર લાખ અઢાર હજાર ચારસો ઓગણસાંઇઠ અને છન્નુ પૈસા પુરા) તા.૨૩.૦૪.૨૦૨૪ સુધીના વત્તા ભવિષ્યનું વ્યાજ અને કાનૂની ખર્ચ	**રૂ.૫,૨૪,૮૮૦/-** (રૂપિયા પાંચ લાખ ચોવીસ હજાર આઠસો એંસીપુરા) **અર્નેસ્ટ મની ડીપોઝીટ : રૂ. ૫૨,૪૮૮/-** (રૂપિયા બાવન હજાર ચારસો અઠ્ઠયાંસી પુરા)	**૧૪-૦૫-૨૦૨૪ ના રોજ સવારે ૧૧ થી બપોરે ૧૨ વાગ્યા સુધી (પાંચ મિનીટના અમર્યાદિત વધારા સાથે)**	**૩૦-૦૪-૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ સુધી**	27.01.2024

ગીરો મુકેલી મિલકતનું વર્ણન : તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકતફ્લેટ નં.૨૦૧,બીજા માળે,ક્ષેત્રફળ ૫૪૦ ચો.ફૂટ અથવા ૫૦.૧૭ ચો.મી.સુપર બિલ્ટઅપ એરિયા અને ૩૨૪ ચો.ફૂટ અથવા ૩૦.૧૦ ચો.મી.બિલ્ટઅપ એરિયા ની સાથે શિવકમલ રેસીડેન્સીબિલ્ડીંગ નં.એ સાંઈ દીપ રેસીડેન્સી ની અવિભાજિત જમીનનો ભાગ, બ્લોક નં.૮૮/બી(બ્લોક નં.૮૮ પૈકી ૧૦૧,૧૦૨) ક્ષેત્રફળ હે.આરે.૫-૨૧-૭૨ ચો.મી. પૈકી પ્લોટ નં.૨૧૮ થી ૨૨૯ ક્ષેત્રફળ ૬૪૧.૬૪ ચો.મી. કેજેપી મુજબ બ્લોક નં.૮૮/બી/૨૧૮ થી ૮૮/બી/૨૨૯ ક્ષેત્રફળ ૫૬૨.૬ ચો.મી.મોજે ગામ જોલવા,તા.પલસાણા,જિ. સુરત **ચતુઃસીમાઃ ઉત્તરે :** પેસેજ, **દક્ષિણે :** બિલ્ડીંગ નં.બી, **પૂર્વે :** ફ્લેટ નં.૨૦૮, **પશ્ચિમે :** ફ્લેટ નં.૨૦૨

અ.નં.	દેવાદાર(રો), સહદેવાદાર(રો), જામીનદાર(રો) ના નામ	લેણી રકમ	અનામત કિંમત અને ઈએમડી	ઓકશનની તારીખ અને સમય	મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય	વાસ્તવિક કબજાની તારીખ
3	**નિતીન રાવજીભાઈ રાઠોડ(દેવાદાર)અને મંજુલાબેન રાવજીભાઈ રાઠોડ (સહ દેવાદાર)**	લોન ખાતા નં. **LSUROHL0000086145** ના બાકી **રૂ. ૧૧,૩૧,૭૬૧.૬૭/-** (રૂપિયા અગિયાર લાખ એકત્રીસ હજાર સાતસો એકસઠ અને સડસઠ પૈસા પુરા) **તા.૨૩.૦૪.૨૦૨૪** સુધીના વત્તાભવિષ્યનું વ્યાજ અને કાનૂની ખર્ચ	રૂ. ૧૧,૩૧,૫૭૦/-(રૂપિયા અગિયાર લાખ એકત્રીસ હજાર પાંચસોસિત્તેર પુરા) અર્નેસ્ટ મની ડીપોઝીટ : રૂ. ૧,૧૩,૧૫૭/- (રૂપિયા એક લાખ તેર હજાર એકસો સત્તાવન પુરા)	**૧૪-૦૫-૨૦૨૪ ના રોજ સવારે ૧૧ થી બપોરે ૧૨ વાગ્યા સુધી(પાંચ મિનીટના અમર્યાદિત વધારા સાથે)**	**૩૦-૦૪-૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ સુધી**	10-09-2023

ગીરો મુકેલી મિલકતનું વર્ણન : તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી રહેણાંક ફ્લેટ નં. ૧૦૨/બી-૧,પહેલા માળે સુપર બિલ્ટઅપ એરિયાક્ષેત્રફળ ૮૮૫.૦૦ ચો.ફૂટ અથવા ૮૨.૨૪ ચો.મી.ની સાથે શુકન રેસીડેન્સી એપાર્ટમેન્ટ,વિંગ-બી સાંઈ પાર્ક ભાગ-૨ ની અવિભાજિત જમીનનો સપ્રમાણ ભાગસીટી સ.નં.૧૮૫૫/૯૨ પૈકી પ્લોટ નં.૯૨ કુલ ક્ષેત્રફળ ૯૨૭.૭૧ ચો.મી. મોજે મોગરાવાડી,તા.વલસાડ,જિ.વલસાડ**કથિત ફ્લેટની ચતુઃસીમાઃ ઉત્તરેઃ** રોડ માર્જિનની જમીન, **દક્ષિણેઃ** ફ્લેટ નં. ૧૦૧/બી-૨, **પૂર્વે :** ફ્લેટ નં. ૧૦૨/એ-૧, **પશ્ચિમે :** ફ્લેટ નં.૧૦૨/એન-૨

નોંધઃ-૧) ઓકશન વેચાણ વેબ સાઈટઃ https://sarfaesi.auctiontiger.net દ્વારા થશે અને જે બીડર્સ પાસે માન્ય ઈ-મેઈલ,ઓળખનો પુરાવો અને ફોટો પુરાવો અને પાનકાર્ડ હોય અને ઈએમડી ડીમાન્ડ ડ્રાફ્ટ/એનઈએફટી/આરટીજીએસ થી ચુકવણી કરી હોય તેઓ જ આ ઓન લાઈન ઈ-ઓકશનમાં ભાગ લઈ શકશે. **૨)** રસ ધરાવતા બીડર્સે ઈએમડીની ચુકવણી ડીમાન્ડ ડ્રાફ્ટ/ એનઈએફટી/આરટીજીએસથી એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડની તરફેણમાં મોકલવાના રહેશે.**બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાતા નં. ૬૫૨૨૬૮૪૫૧૯૯ ,સરફાયેસી-ઓકશન - એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ,આઈએફએસસી કોડ SBIN0001593 ૩)** અરજી બીડ ફોર્મની સાથે ઈએમડી ઓનલાઈન મોકલવાની છેલ્લી તારીખ : ૧૩.૦૫.૨૦૨૪ **૪)** વેચાણના વધુ નિયમો અને શરતો જાણવા માટે કૃપયા અમારી વેબસાઈટ ની મુલાકાત લો https://sarfaesi.auctiontiger.net અથવા શ્રી મૌલિકશ્રીમાળીનો ફોન નં. ૯૧-૬૩૫૧૮૯૬૬૪૩/ ૯૧૭૩૫૨૮૭૨૭ ઉપર સંપર્ક સાધવો. હેલ્પ લાઈન ઈ-મેલ આઈડી : Support@auctiontiger.net

મો.નં. ૭૨૦૮૯૩૪૪૬૧ **સહી/અધિકૃતઅધિકારી**
તા.:૨૪-૦૪-૨૦૨૪ **વતિનીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉએડેલવેઈઝહાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી)**

ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

રજિ.ઓફિસ : ૧૧મા માળે, ટાવર - એ, પેનીસ્યુલા બિઝનેસ પાર્ક, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩. CIN No.U67190MH2008PLC187552

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

[સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ,૨૦૦૨ના રૂલ ૮ (૧) મુજબ]

આથી નીચે સહી કરનાર **ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિ.** ના અધિકૃત અધિકારીને સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ , ૨૦૦૨ (એક્ટ) સાથે વંચાણે લેતા સેકશન ૧૩ (૧૨)સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૩ અંતર્ગત પ્રાપ્ત અધિકારો મુજબ નીચે જણાવેલી તારીખે જારી કરાયેલી ખંડ ૧૩ (૧૨) હેઠળની વિગતવાર ડિમાન્ડ નોટીસ નીચે જણાવેલ દેવાદારોને મોકલવામાં આવી હતી જે મુજબ તેમણે નોટીસની તારીખથી ૬૦ દિવસમાં બાકી લેણી રકમ ચુકવી દેવાની હતી.

દેવાદાર એમ કરવામાં નિષ્ફળ નિવડયા હોઈ દેવાદારનો ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ નીચે જણાવેલી મિલકતોનો **વાસ્તવિક કબજો એડીશનલ ચીફ જયુડિશીયલ મેજિસ્ટ્રેટ, વલસાડ**ના નીચે સીસીમાં જણાવેલા આદેશ મુજબ નિમાયેલા કોર્ટ કમિશ્નર હસ્તક વાસ્તવિક કબજો લીધો છે.

ખાસ દેવાદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે સદર મિલકતો ઉપર **ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ**ના અધિકારો નીચે જણાવેલ બાકી લેણી રકમ તથા ત્યારબાદના ચડત વ્યાજ અને ખર્ચ તથા ચાર્જિસની રકમ નોટીસની તારીખથી ગણાશે.દેવાદારોનું ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે કથિત એક્ટના ખંડ ૧૩ના પેટા ખંડ (૮)ની જોગવાઈ મુજબનિર્ધારીત સમયમાં પોતાની ગિરો મુકેલ મિલકત છોડાવી શકશે.

અ. નં.	લોન ખાતા નંબર	દેવાદાર(રો),કાનૂની વારસદાર(રો),કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસ મુજબની રકમ	ડીમાન્ડ નોટીસની તારીખ કબજાની તારીખ	ઓર્ડરની તારીખ ફાઈલીંગ તા. કેસ નં.
1	10289556	સુનિલકુમાર શ્રીપરમેશ્વર સૈની (દેવાદાર), તમન્ના સુનિલ સૈની (સહદેવાદાર)	Rs. 8,14,247/-	12-10-2023 21-04-2024	17-02-2024 02-01-2024 CRMA J/59/2024

સુરક્ષિત સંપત્તિ/સ્થાવર મિલકત/ગિરોમિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની સ્થાવર મિલકતફ્લેટ નં.બી-૨-૨૦૨,ક્ષેત્રફળ ૬૫૦.૦૦ ચો.ફૂટ અથવા ૬૦.૪૦ ચો.મી. બીજા માળેની સાથે સ્વસ્તીક સંકુલની અવિભાજિત જમીનનો ૧૦.૦૦ ચો.મી.ભાગ તથા આંતરીક અને બાહય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુની બિનખેતી જમીન સ.નં.૨૩૮/૧/પૈકી ૧ ક્ષેત્રફળ ૮૦૧૧ ચો.મી. ગામ બલિઠા,તા.વાપી,જિ.વલસાડ **ચતુઃસીમાઃ** પૂર્વેઃ ખુલ્લી જગ્યા,પશ્ચિમેઃ પેસેજ ,ઉત્તરેઃ ખુલ્લી જગ્યા,દક્ષિણેઃ ફ્લેટ નં.બીર-૨૦૩

તારીખ :૨૧-૦૪-૨૦૨૪ **સહી/-અધિકૃત અધિકારી**
સ્થળ : વાપી,વલસાડ (ગુજરાત) **વતિ,ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

ફિનિક્ષ એઆરસી પ્રાઈવેટ લિમીટેડ | કબજા નોટીસ

Phoenix ARC

રજિ.ઓફિસઃ ત્રીજા માળે- વોલેસ ટાવર્સ (અગાઉની શિવ બિલ્ડીંગ), ૧૩૯/૧૪૦/બી/૧, સહાર રોડ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈ વે ક્રોસિંગ, વિલે પારલે(પૂ), મુંબઈ-૪૦૦૦૫૭

આથી **ફિનિક્ષ એઆરસી પ્રાઈવેટ લિમીટેડ જે ફિનિક્ષ ટ્રસ્ટ એફવાય ૨૩-૧૦** (ફિનિક્ષ)ના ટ્રસ્ટી છે તેમના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના ખંડ ૧૩(૨)ની સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ)રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ હેઠળ પ્રાપ્ત અધિકારોનો ઉપયોગ કરી નીચે જણાવેલા દેવાદારો,સહ દેવાદારો અને જામીનદારોને ડીમાન્ડ નોટીસો મોકલી તેમાં જણાવેલી બાકી રકમ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવ્યું હતું.

દેવાદારો, સહ દેવાદારો અને જામીનદારો એમ કરવામાં નિષ્ફળ ગયા હોવાથી કંપનીના અધિકૃત અધિકારીએ તેમને પ્રાપ્ત એકટના ખંડ ૧૩(૪) અને વંચાણે લેતા રૂલ્સના રૂલ ૮ હેઠળ નીચે જણાવેલી મિલકતોનો કબજો લીધો છે.

આથી દેવાદારો, સહ દેવાદારો અને જામીનદારો ને ખાસ તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલી મિલકતો પર નીચે જણાવેલી બાકી રકમ તથા બાકી વ્યાજ ખર્ચ સહિતની રકમ સામે ફિનિક્ષનો કબજો હોઈ એનું કોઈ પણ પ્રકારે હસતાંતરણ કે સોદો થઈ શકશે નહીં.

દેવાદારો, સહદેવાદારો, જામીનદારો, ગીરો મિલકતો, ટ્રસ્ટનુ નામ, બાકી રકમ ૧૩(૨) મુજબ ડીમાન્ડ નોટીસની તારીખ નીચે મુજબ છે.

અ. નં.	દેવાદાર, સહદેવાદારના નામ અને સરનામા, લોન ખાતા નં. લોનની રકમ	મિલકતનું વર્ણન	૧. ડીમાન્ડ નોટીસની તારીખ, ૨. સાંકેતિક/વાસ્તવિક કબજાની તારીખ, ૩.બાકી રકમ રૂ.માં
1.	**૧. શોભનાબેન બ્રિજલાલ ધનગર,** તે જીવરામની પુત્રી, ૧૧૬, શિવકૃપા સોસાયટી માનવ કેન્દ્ર નજીક, લિંબાયત-૩૯૪૨૧૦ **૨. રાજેન્દ્ર બ્રિજલાલ ધનગર, તે બ્રિજલાલ** નાથે ધનગરના પુત્ર/ પુત્રી/પત્ની, ૧૧૬, શિવકૃપા સોસાયટી માનવ કેન્દ્ર નજીક, લિંબાયત-૩૯૪૨૧૦ **૩. બ્રિજલાલ ધનગર** તે નાથુજિગના ધનગરના પુત્ર/ પુત્રી/પત્ની, ૧૧૬, શિવકૃપા સોસાયટી માનવ કેન્દ્ર નજીક, લિંબાયત-૩૯૪૨૧૦ **લોન ખાતા નં. એચએમ/૦૧૯૦/એચ/૧૭/૧૦૦૪૧૫ લોનની મંજુર રકમઃ રૂ.૧૨,૨૦,૦૭૬.૫૨/-** (રૂપિયા બાર લાખ વીસ હજાર છોત્તેર અને બાવન પૈસા પુરા)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત રે.સ.નં.૩૧૨/૨, ૩૧૫, બ્લોક નં.૩૨૭, ૩૨૯, પ્લોટ નં.સી/૨૦૪, શ્રી ક્રિષ્ણા રેસીડેન્સી, મોજે તુંડી, તા.પલસાણા, જિ.સુરત ક્ષેત્રફળ ૩૨૩.૮૮ ચો.ફૂટ તુંડી ગામ નજીક, પીન કોડઃ ૩૯૪૩૧૦ **ચતુઃસીમાઃ પૂર્વેઃ** ૬ મી. પહોળો રોડ, **પશ્ચિમેઃ** પ્લોટ નં.૩૩૧, **ઉત્તરેઃ** પ્લોટ ન.૨૦૫, **દક્ષિણેઃ** પ્લોટ નં.૨૦૩	**૧) ડીમાન્ડ નોટીસ તા.૦૭/૦૨/૨૦૨૪** **૨) સાંકેતિક કબજાની તા. ૧૯/૦૪/૨૦૨૪** **૩) બાકી રકમ રૂ. ૧૬, ૮૭, ૯૯૪.૧૭/-** (રૂપિયા સોળ લાખ સત્યાંસી હજાર નવસો ચોરાણુ અને સત્તર પૈસા પુરા) **તા.૧૭/૦૧/૨૦૨૪**ના રોજ બાકી અને ચુકવવા પાત્ર **તા.૧૮/૦૧/૨૦૨૪**થી ચડત વ્યાજ પુરી ચુકવણી થાય ત્યાં સુધી.
2.	**૧. શુકલા ડોલી,** તે ઘનશ્યામ દુબેની પુત્રી, પ્લોટ નં.૧૬, તાપસ નગર સોસાયટી મોજે પાલનપોર, જિ.સુરત-૩૯૫૦૦૯ **૨. પિન્ટુ શુકલા,** તે વિજયશંકર શુકલાના પુત્ર/ પુત્રી/ પત્ની, પ્લોટ નં.૧૬, તાપસ નગર સોસાયટી મોજે પાલનપોર, જિ.સુરત-૩૯૫૦૦૯ **લોન ખાતા નં. એચએમ/૦૧૯૦/એચ/૧૭/૧૦૦૧૩૯ લોનની મંજુર રકમઃ રૂ.૮,૪૦,૦૦૦/- (રૂપિયા આઠ લાખ ચાલીસ હજાર પુરા)**	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત બ્લોક નં.૨, પ્લોટ નં.૧૨૦ થી ૧૨૪, ફ્લેટ નં.૨૦૭, અંબિકા રેસીડેન્સી, સોની પાર્ક હાઉસિંગ સોસાયટી-૨ મોજે તાતીથૈયા, તા.પલસાણા, જિ.સુરત ક્ષેત્રફળ ૬૭૬ ચો.ફૂટ ગોકુલધામ રેસીડેન્સી નજીક, પીન કોડ :૩૯૪૩૦૫ **ચતુઃસીમાઃ પૂર્વેઃ** અન્ય મિલકત, **પશ્ચિમેઃ** એન્ટ્રી/પેસેજ, **ઉત્તરેઃ** સોસાયટીનો આંતરીક રોડ, **દક્ષિણેઃ** પ્લોટ નં.૨૦૮	**૧) ડીમાન્ડ નોટીસ તા.૦૭/૦૨/૨૦૨૪** **૨) વાસ્તવિક કબજાની તા. ૧૯/૦૪/૨૦૨૪** **૩) બાકી રકમ રૂ. ૮,૪૨,૮૯૮.૮૬/-** (રૂપિયા આઠ લાખ બેતાલીસ હજાર આઠસો અઠ્ઠાણુ અને છયાંસી પૈસા પુરા) **તા.૧૭/૦૧/૨૦૨૪**ના રોજ બાકી અને ચુકવવા પાત્ર **તા.૧૮/૦૧/૨૦૨૪**થી ચડત વ્યાજ પુરી ચુકવણી થાય ત્યાં સુધી.
3.	**૧. લલિતા,** તે બિરમા રામેની પુત્રી/પુત્ર/પત્ની, ૧૫૦, ગ્રાઉન્ડ ફ્લોર, ગાળા ટાઈપ, મુક્તિધામ સોસાયટી , પૂણા ગામ, સુરત-૩૯૫૦૧૦ **૨. વિરમા રામ** તે હકમાના પુત્ર/ પુત્રી/પત્ની, ૧૫૦, ગ્રાઉન્ડ ફ્લોર, ગાળા ટાઈપ, મુક્તિધામ સોસાયટી , પૂણા ગામ, સુરત-૩૯૫૦૧૦ **લોન ખાતા નં. એચએમ/૦૧૯૦/એચ/૧૮/૧૦૦૭૮૫ લોનની મંજુર રકમઃ રૂ.૬,૮૯,૩૦૯.૫૮/-** (રૂપિયા છ લાખ નેવ્યાંસી હજાર ત્રણસો નવ અને અઠ્ઠાવન પૈસા પુરા)	તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકત બ્લોક નં.૨૪૭, ફ્લેટ નં. એ-૧૦૬, ઓમ રેસીડેન્સી, બિલ્ડીંગ નં.-એ, પહેલા માળે, મોજે જોલવા, સુરત સીટી, ક્ષેત્રફળ ૩૧૦ ચો.ફૂટ આરાધના ગ્રીન લેન્ડ એસ્સાર પેટ્રોલ પંપની પાછળ, પીન કોડઃ ૩૯૪૩૦૫ **ચતુઃસીમાઃ પૂર્વેઃ** લાગુ રોડ, **પશ્ચિમેઃ** લાગુ ફ્લેટ નં.૧૦૫, **ઉત્તરેઃ** લાગુ રોડ, **દક્ષિણેઃ** લાગુ ઓટીએસ	**૧) ડીમાન્ડ નોટીસ તા.૦૮/૦૨/૨૦૨૪** **૨) વાસ્તવિક કબજાની તા.૧૯/૦૪/૨૦૨૪** **૩) બાકી રકમ રૂ.૭,૬૭, ૦૪૩.૪૦/-** (રૂપિયા સાત લાખ સડસઠ હજાર તેતાલીસ અને ચાલીસ પૈસા પુરા) **તા.૧૭/૦૧/૨૦૨૪**ના રોજ બાકી અને ચુકવવા પાત્ર **તા.૧૮/૦૧/૨૦૨૪**થી ચડત વ્યાજ પુરી ચુકવણી થાય ત્યાં સુધી.

સ્થળ : સુરત **અધિકૃત અધિકારી**
તારીખઃ ૨૪.૦૪.૨૦૨૪ **ફિનિક્ષ એઆરસી પ્રાઈવેટ લિમીટેડ**
ફિનિક્ષ ટ્રસ્ટ એફવાય ૨૩-૧૦ (ફિનિક્ષ)ના ટ્રસ્ટી

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

[પરીશિષ્ટ ૪ની સાથેસિક્યુરીટી ઈન્ટરેસ્ટ (ઈન્ફોર્સમેન્ટ)રૂલ્સના રૂલ ૮(૧)ને વંચાણે લેતા]

એડેલવેઈઝએસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ

રીટેલ સેન્ટ્રલ એન્ડ રજિસ્ટર્ડ ઓફિસ : એડેલ વેઈસ હાઉસ, સીએસટી રોડના નાકે, કાલિના, મુંબઈ-૪૦૦૦૯૮

ત્યારબાદ અહીં જણાવેલા એસાઈનરોએ તેમની આર્થિક જવાબદારીઓ એડેલ વેઈઝ **એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**ને સોંપી હતી. જે **ઈએઆરસી** ના નીચે જણાવેલા જુદા જુદા ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરે છે. (હવે પછી એનો 'ઈએઆરસી' તરીકે ઉલ્લેખ કરવામાં આવશે). તેમણે સરફાયેસી એક્ટ, ૨૦૦૨ ના ખંડ ૫ મુજબ કરવામાં આવેલા એસાઈન્મેન્ટ એગ્રીમેન્ટ અનુસાર ઈએઆરસીએ આર્થિક જવાબદારી સંભાળી લેતા એસાઈનરે તમામ અધિકારો, ટાઈટલ, વ્યાજ, ગીરો મુકવામાં આવેલી મિલકત, જામીનગીરીઓ તથા બાયંધરીઓ **ઈએઆરસી**ને તબદીલ કરી હતી અને **ઈએઆરસી**એ દેવાદાર તરફથી સલામત ધિરાણ આપનાર તરીકેના અધિકારોનો ઉપયોગ કર્યો હતો.

આથી દેવાદારો લેણી રકમનું ચુકવણું કરવામાં નિષ્ફળ ગયા હોઈ તેમને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે નીચે સહી કરનાર **એડેલ વેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**ના અધિકૃત અધિકારીએ કથિત એક્ટની પેટા ખંડ (૪) ખંડ ૧૩ ની સાથે સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨, ના રૂલ ૮ મુજબ નીચે જણાવેલી તારીખે સ્થાવર મિલકતનો **વાસ્તવિક કબજો** લીધો છે.

આથી દેવાદારોનું ધ્યાન દોરવામાં આવે છે કે તેમની પાસે ગીરો મિલકતને છોડાવવા એક્ટના ખંડ ૧૩ના પેટા ખંડ(૮) હેઠળની જોગવાઈ મુજબનો સમય છે.

દેવાદાર(રો)ને ખાસ તથા જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે આ મિલકત ઉપર એડેલ વેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડનો તાબો હોઈ એનો કોઈ પણ પ્રકારે સોદો થઈ શકશે નહીં કેમકે આ મિલકત સામેએડેલ વેઈઝ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડનું નીચે જણાવેલ રકમનું અને ત્યાર બાદના વ્યાજનું લેણું નીકળે છે.

એસાઈનરનું નામ	ટ્રસ્ટનું નામ	લોન ખાતા નં.	દેવાદાર અને સહદેવાદાર(રો)ના નામ	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	કબજાની તારીખ	કબજાનો પ્રકાર
પુનાવાલા હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ	EARC TRUST SC-423	HL/0190/H /14/000036	**૧) પ્રકાશ બાબુભાઈ પાનસુરીયા(દેવાદાર), ૨) પાનસુરીયા એન્ટરપાઈઝ તેના ભાગીદાર પ્રકાશ બાબુભાઈ પાનસુરીયા દ્વારા, આશિષભાઈ બી.પાનસુરીયા અને શિતલબેન પ્રકાશ પાનસુરીયા(સહ દેવાદારો)**	Rs. 26,62,715.94/- as on 31.07.2023 & 31.07.2023	21/04/2024	વાસ્તવિક કબજો

સ્થાવર મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી મિલકતપ્લોટ નં.૫૩, ક્ષેત્રફળ ૧૬૭.૨૨ ચો.મી. ૮.૪૨.૬૪ ચો.મી. બાંધકામની સાથે ૬૮.૩૯ ચો.મી. અંજની ફાર્મ એન્ડ રીસોર્ટ એ ટાઈપની રોડ અને સીઓપીની અવિભાજિત જમીનનો ભાગ રે.સ.નં.૪૯૪ક્ષ્, ૪૯૫, ૪૯૬/૧+૨+૩, બ્લોક નં.૬૮૦ ક્ષેત્રફળ ૭-૧૯-૩૪ ચો.મી. હે.આરે ૦-૦૨-૦૨ ચો.મી. ક્ષેત્રફળ ૭૨૧૩૬ ચો.મી., આકાર રૂ.૮૩.૭૫ પૈસા, મોજે ઓલપાડ, તા.ઓલપાડ, જિ.સુરત. **ચતુઃસીમાઃ** પૂર્વે : રોડ , પશ્ચિમે : પ્લોટ નં. એ-૪૮, ઉત્તરે : પ્લોટ નં.એ-૫૨, દક્ષિણે : પ્લોટ નં.એ-૫૪

એસાઈનરનું નામ	ટ્રસ્ટનું નામ	લોન ખાતા નં.	દેવાદાર અને સહદેવાદાર(રો)ના નામ	ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ	કબજાની તારીખ	કબજાનો પ્રકાર
એલ એન્ડ ટી હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ (એલટીએચએફએલ)	EARC TRUST SC-396	SRTHL18001682 & SRTHL18001752	**૧) સુનિલભાઈ બી. હરસોદા (દેવાદાર) ૨) જયશ્રીબેન સુનિલભાઈ હરસોદા (સહ દેવાદાર)**	Rs. 20,54,787.44/- as on 01.05.2022 & 05.05.2023	21/04/2024	વાસ્તવિક કબજો

સ્થાવર મિલકતનું વર્ણન : મિલકત નં.૧ - તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી મિલકત **ફ્લેટ નં.૪૦૭**, ચોથા માળે, સુપર બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૪૮૬.૦૦ ચો.ફૂટ અને બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૩૦૭ ચો.મી. અથવા ૨૮.૫૨ ચો.મી.ની સાથે ૫.૮૬ ચો.મી. રામેશ્વર રેસીડેન્સીની અવિભાજિત જમીનનો ભાગ, રે.સ.નં.૫૧, બ્લોક નં.૪૮ ક્ષેત્રફળ હે.આરે.૨-૦૦-૧૯, પ્લોટ નં.૧૮૫(કેજેપી બ્લોક નં.૪૮/૧૮૫), ૧૮૬(કેજેપી બ્લોક નં.૪૮/૧૮૬), ૧૮૭(કેજેપી બ્લોક નં.૪૮/૧૮૭) અને ૧૮૮(કેજેપી બ્લોક નં.૪૮/૧૮૮), પ્લોટ નં.૧૮૫ અને ૧૮૬ કુલ ક્ષેત્રફળ ૧૫૦.૨૬ ચો.મી. કુલ ક્ષેત્રફળ ૨૬૭.૦૬ ચો.મી.મોજે ગામ પલસાણા, તા.પલસાણા, જિ.સુરત. **ચતુઃસીમાઃ** પૂર્વેઃલાગુ શ્રી હરી રેસીડેન્સી, પશ્ચિમે :લાગુ ફ્લેટ નં. ૪૦૬, ઉત્તરેઃ લાગુ પ્લોટ નં.૧૮૯ની મિલકત, દક્ષિણે : ફ્લેટ નં.૪૦૯ અને પેસેજ

મિલકત નં.૨ - તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી મિલકત **ફ્લેટ નં.૪૦૮, ચોથા માળે,** સુપર બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૪૮૬.૦૦ ચો.ફૂટ અને બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૩૦૭ ચો.મી. અથવા ૨૮.૫૨ ચો.મી.ની સાથે ૫.૮૬ ચો.મી. રામેશ્વર રેસીડેન્સીની અવિભાજિત જમીનનો ભાગ, રે.સ.નં.૫૧, બ્લોક નં.૪૮ ક્ષેત્રફળ હે.આરે.૨-૦૦-૧૯, પ્લોટ નં.૧૮૫(કેજેપી બ્લોક નં.૪૮/૧૮૫), ૧૮૬(કેજેપી બ્લોક નં.૪૮/૧૮૬), ૧૮૭(કેજેપી બ્લોક નં.૪૮/૧૮૭) અને ૧૮૮(કેજેપી બ્લોક નં.૪૮/૧૮૮), પ્લોટ નં.૧૮૫ અને ૧૮૬ કુલ ક્ષેત્રફળ ૧૫૦.૨૬ ચો.મી. કુલ ક્ષેત્રફળ ૨૬૭.૦૬ ચો.મી.મોજે ગામ પલસાણા, તા.પલસાણા, જિ.સુરત. **ચતુઃસીમાઃ** પૂર્વેઃ લાગુ શ્રી હરી રેસીડેન્સી, પશ્ચિમે :પેસેજ અને ફ્લેટ નં. ૪૦૫ , ઉત્તરેઃ ફ્લેટ નં.૪૦૭ની મિલકત, દક્ષિણે : દાદર

તારીખ : ૨૪.૦૪.૨૦૨૪ **અધિકૃત અધિકારી**
સ્થળ : મુંબઈ **વતિ એડેલવેઈસ એસેટ રીકન્સ્ટ્રકશન કંપની લિમીટેડ**

Edelweiss
Asset Reconstruction